| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૩/૦૭/૨૦૨૩ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
### આરોપીને કોર્ટમાં હાજર થવાનું ફરમાનઃ- સમાચાર યાદી નં.૧૨૦૭/૨૦૨૩

### ઘાટલોડીયા પોલીસ સ્ટેશનઃ-

સીટી સેસન્સ કોર્ટના સેશન્સ કેસ નંબર ૬૭/૨૦૨૩ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૬૨/૨૦૦૩ ઇ.પી.કો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬,૩૮૦,૪૧૧ ના મુજબના કામે આરોપી (૧) અમનદીપસીંગ બજેંદ્રસીંગ સંધુ (રહે.૮૦૪, ગુરૂકુલ પાર્ક સ્ટલીંગ હોસ્પિટલની બાજુમાં મેમનગર અમદાવાદ શહેર) (૨) સંદીપ પ્રભાકર દેવાંગકર (રહે. ૪૦૫, રવીવારપીઠ સોનીયા મારુતી ચોક પુના મહારાષ્ટ્ર) નાઓએ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી બી.એલ.ચોઈથાણી સાહેબ, અધિકસત્ર ન્યાયાધીશ, કોર્ટ નં.૨૦, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ બન્ને એ તા.૨૪/૦૭/૨૦૨૩ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૦૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૩૮ લીટર દેશી દારૂ, ૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૪ બિયર ટીન, ૨ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૯,૫૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૦૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૧૦/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટઃ** રોશનભાઈ શંકરલાલ પુરોહીત (ઉ.વ.૪૫) (રહે. એમ.ડી.કોમ્પ્લેક્ષ, સેક્ટર-૪, ચાણક્યપુરી) તા.૧૭/૦૭/૨૦૨૩ કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે જનતાનગર ફાટક પાસે ટ્રેઈનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૦૭/૨૦૨૩ કલાક ૧૨/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સિકંદરભાઈ જશુભા ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૧૧/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટઃ** ગોતા વોડાફોન ટાવર પાછળ સાતત્ય સીરીલ નામની નવી બનતી સાઇટ ખાતે બીલ્ડીંગની બાજુમા લેબર કોલોનીમાં રહેતા અશોકકુમાર કાળુભા સોલંકી (ઉ.વ.૨૯) (મુળ વતન. ગામ.દેકાવાળા તા.દેત્રોજ, જી.અમદાવાદ) નાઓનો આઠ વર્ષનો પુત્ર શક્તિ તા.૨૧/૦૭/૨૦૨૩ સાંજના ૮/૩૦ વાગ્યાના સુમારે રમતા-રમતા લોખંડના સળીયાને અડી જતા વિજ કરંટ લાગતા સારવાર માટે સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**વાસણાઃ** રોનકભાઇ ચંદુભાઇ પરમાર (ઉ.વ.૨૩) (રહે. ચામુંડાનગર ડો.જીવરાજ મહેતા હોસ્પીટલ સામે વાસણા) તા.૨૨/૦૭/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા વરસાદ આવતા પોતાના ઘરે તાર ઉપર સુકવેલ કપડા લેવા જતા વિજ કરંટ લાગતા સારવાર માટે જીવરાજ મહેતા હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિનોદભાઈ થાવરાજી ચલાવે છે.

**નિકોલઃ** નિકોલ ભુવાલડી ગામ વેદ-૧ ઇંન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતે રહેતા અને ત્યા જ વેપાર ધંધો કરતા પ્રશાંતકુમાર ઉર્ફે બાપી સ/ઓ પ્રફુલકુમાર રાઉત (ઉ.વ.૩૫) (મુળ ગામ.હરીશરણપુર તા.તિગિરીયા જી.કટક ઓરીસ્સા) તા.૨૨/૦૭/૨૦૨૩ કલાક ૧/૫૦ વાગ્યાના સુમારે કારખાનામાં પ્લાસ્ટીકના રમકડા બનાવવાના મશીન પાસે કામકાજ કરતી વખતે ઇલેક્ટીકનો મોટો પંખો તેઓની ઉપર પડતા વિજ કરંટ લાગતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામસિંહ ચેહરસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૧૨/૨૦૨૩**

**ચાંદખેડાઃ** નીખીલભાઈ નરેન્દ્રભાઈ શ્રીમાળી (ઉ.વ.૨૭) (રહે. નારાયણ હોમ્સ સત્યમેવ હોસ્પીટલ રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૩ કલાક ૧૦/૩૦ થી કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઈ જયંતીભાઈ ચલાવે છે.

**વેજલપુરઃ** ફૈઝભાઇ સાબીરભાઇ શેખ (ઉ.વ.૩૦) (રહે. ફુઝેલપાર્ક સોસાયટી આઇશા મસ્જીદ પાસે કેનાલ પાછળ ફતેવાડી) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૩ બપોરના ૧/૩૦ થી ૨/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ નારુભાઇ ચલાવે છે.

**રામોલઃ** નફીસાબાનુ વા/ઓ નિયાજમહંમદ શેખ (ઉ.વ.૩૮) (રહે. જનતાનગર રામોલ રોડ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૩ સવારના ૫/૦૦ થી ૧૦/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાળુભાઈ ભુરાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી